## WE SERVE TO SAVE

પ્રતિ

ઇનવર્ડ નં.૨૪૦૩,તા.૦૭/૦૪/૨૦૨૨

**મે.ઓમ રોયલ ( પાર્થ ડેવલપર્સ ) ,**
મોજે.વાપી , રે.સ.નં.૩૬૮૭ ,
વાપી , ગુજરાત .

**વિષયઃ-** ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફટી મેઝર એકટ -૨૦૧૩ અન્વયે અત્રેથી ફકત અભિપ્રાય આપવા બાબત.

**સંદર્ભઃ-** વાપી નગરપાલિકા જા.નં.ટીપી/રજી.૨/વશી.૧/૨૦૨૨-૨૩/૭૦૦ ,તા.૦૫/૦૪/૨૦૨૨ ના અરજદાર **મે.ઓમ રોયલ ( પાર્થ ડેવલપર્સ ) ,** મોજે.વાપી , રે.સ.નં.૩૬૮૭ ,વાપી , ગુજરાત ની રહેણાંક તેમજ વાણીજય હેતુની અરજી અન્વયે ,

સવિનય ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે ના પત્ર અનુસંધાને જણાવવાનુ કે અરજદાર **મે.ઓમ રોયલ ( પાર્થ ડેવલપર્સ ) ,** મોજે.વાપી , રે.સ.નં.૩૬૮૭ ,વાપી , ગુજરાત ની વાપી નગરપાલિકાએ મંજુર કરેલ પ્લાન મુજબ પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફટી મેઝર એકટ -૨૦૧૩ મુજબના તમામ ધોરણોનું બાંધકામ અને પ્રોવિડિંગ ફાયર પ્રિવેન્શન અને પ્રોટેકશન સિસ્ટમ મુજબ પાલન કરવાનું રહેશે તથા ઉલ્લેખીત નિયમો મુજબ અત્રેનાં ફાયર પ્રિવેન્શન અને પ્રોટેકશન મુજબ નો અભિપ્રાય માંગેલ છે.જેમાં ફાયર પ્લાન મુજબ બિલ્ડીગ એ (બેઝમેન્ટ +ગ્રાઉન્ડ +૦૬ માળ) (૨૨.૭૦ મીટર ઉંચાઇ ) ધરાવતી ઇમારતમાં ગુજરાત પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફટી મેઝર એકટ -૨૦૧૩ અન્વયે **બેઝમેન્ટ અને ગ્રાઉન્ડ લેવલ કવર કરે તે મુજબ ફાયર સ્પ્રીન્કલર અને રાઇઝર ઇનસ્ટોલ કરવાના રહેશે.** તેમજ ડ્રોઇંગમાં દર્શાવિયા મુજબ મેઇન ઇલેકટ્રીકલ પંપ ,જોકી પંપ અને બેકઅપમાં પંપ મુજબ જનરેટર ડ્રોઇંગમાં તેમજ ફીજીકલ ગ્રાઉન્ડ લેવલે ઇનસ્ટોલેશન કરેલ હોવુ જોઇએ તેમજ બિલ્ડીગની ફરતે યાર્ડ હાઇડ્રન્ટ સીસ્ટમ (પેરીફેરી) કરવાની રહેશે તેમજ ફાયર ફાઇટીગ માટે અંડર ગ્રાઉન્ડ વોટર ટેન્ક ૧ (લાખ) લીટર અને ઓવરહેડ વોટર ટેન્ક ડ્રોઇંગમાં દર્શાવિયા મુજબ બનાવવાની રહેશે. ઇલેકટ્રીક કેબલ ડકટમાં દરેક ફલોર લેવલ પર મેટલ ફ્રેમ અથવા ફાયર રેટેડ દરવાજાવાળા મેટલ દરવાજા સીલ કરેલા હોવા જોઇએ. ડકટનું ઓપનિંગ બેઝમેન્ટથી ટેરેસ લેવલ સુધીનું હોવું જોઈએ.

ઉપરોકત સંર્દભે જરૂરીયાત મુજબનો સ્ટેરકેસ (દાદર - સીડી ) ૧.૫ મીટર ની પહોળાઇ સહીતનો અને બંને સાઇડનો પેસેજ ખુલ્લો હોવો જોઇએ. દરેક માળે પેરાપેટ વોલ ઉપર ૦૨ મીટર ની હાઇટ ઉપર હવા ઉજાસ થઇ શકે તે મુજબ હોવુ જોઇએ.તેમજ ઇમારત પ્રિમાઇસીસમાં ૪૦ ટન ધરાવતુ ફાયર વાહન બિલ્ડીગની આસપાસ અવરોધ વિના સંપુણ ઇમારતના બિલ્ડીગમાં ૪ મીટર ની પરિઘમાં ફરી શકે તે મુજબ હોવુ જોઇએ તથા NBC Part - 4 તથા CGDCR મુજબ માર્જીન હોવું જોઇએ અને પ્રિમાઇસીસ ની ગેટ એન્ટ્રી બંને સાઇડ ૦૬ મીટર કે તેથી વધુ હોવી જોઇએ .

સંપુણ રહેણાંક અને વાણિજય હેતુ ઇમારતમાં ફાયર સેફટી અને પ્રોટેકશન ઇકવીપમેન્ટ કાયમી ધોરણે ફીકસ લગાડયા બાદ જ આપના લેવલેથી ફાયર સર્વિસ વિભાગનાં ઓફીસરનાં ઇન્સપેકશન કર્યા બાદ એન.ઓ.સી.આપવા ભલામણ છે. તેમજ આ અભિપ્રાય ફકત ફાયર પ્રોટેકશન સુવિધા પુરતો આપવામાં આવે છે , વધુમાં સરકાર શ્રી તરફથી નિયમોમાં ફેરફાર કરવામાં આવે તો તેનુ સમયસર પાલન કરવાની તથા અન્ય કોઇ અધિકારીશ્રીની પરમીશન લેવાની હોય તો તે લેવાની શરતે અને આ અભિપ્રાયની સમય મર્યાદા ઇસ્યુ કર્યા થી **એક વર્ષ** સુધી માન્ય રહેશે.

જાવકનં/અભિપ્રાયનં. ૨૦૯૦
તા.૧૨-૦૪-૨૦૨૨

પી.ઓ.ગઢવી
રીજનલ ફાયર ઓફીસર
સુરત

નકલ રવાના.... ચીફ ઓફીસર , વાપી નગરપાલિકા , વાપી , પ્રતિ જાણ સારૂ

**ALL NOC FROM AUTHORITY**

**NOT APPLICABLE**

**ALL NOC FROM AUTHORITY IS NOT APPLICABLE AS THE PROPSED LAND COMES UNDER THE CITY SURVEY NUMBER AND DOES NOT REQUIRED N.A. ORDER.**